समानी व आकूतिः समाना हृदयानि वः । समानमस्तु वो मनो यथा वः सुसहासति ॥

Amul The Taste of India

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

Dudhsagar The Pride of India

અંક : ૯ । વર્ષ - ૩ । માર્ચ - ૨૦૨૪ (સળંગ અંક : 33) www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## વર્ષોની મહેનત થોડીક લાલચને કારણે નિષ્ફળ જાય એ તો ના ચાલે

# PT યોજનાને પશુપાલકોના સહકારની જરૂર છે

## પ્રોજેની ટેસ્ટીંગ (મહેસાણી ભેંસ સંતતિ પરીક્ષણ યોજના)

મહેસાણા દૂધસાગર ડેરી અને NDDB ના પરસ્પર તાંત્રીક સહયોગથી મહેસાણી ભેંસની નસલ સુધારણા માટે સને 1985 ના વર્ષથી પ્રોજેની ટેસ્ટીંગ યોજના (પી.ટી.) - સંતતિ પરિક્ષણ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

આપણી ગાય કે ભેંસની દૂધ ઉત્પાદનની ક્ષમતા તેને વારસામાં તેના મા-બાપ પાસેથી મળેલ હોય છે. વધુમાં વધુ દૂધ આપતી ભેંસના નર બચ્ચાંને સામાન્ય રીતે ધણખુંટ બનાવવામાં આવે છે. પરંતુ , નર પશુ - પાડામાં દૂધ ઉત્પાદનનું લક્ષણ પ્રગટ થતું નથી. માટે પસંદ કરેલ પાડાથી જન્મેલી પાડીઓ મોટી થઈને દૂધ આપે ત્યારે જ પસંદ કરેલ પાડો સારો છે કે નહીં ? તેની આપણને ખબર પડતી હોય છે. જેના કારણે આવા ઉત્તમ પાડાઓના સાચા પરિક્ષણમાં તેનાથી જન્મેલી પાડી - માતા બને અને વધુ દૂધ આપે ત્યાં સુધી જે તે પાડાનું સાચુ મૂલ્યાંકન થઈ શકતું નથી. પરિણામે આપણને આ યોજનામાં ઉત્તમ ક્વોલિટીના પાડા પસંદ કરવામાં છ થી સાત વર્ષનો લાંબો સમય લાગે છે.



પરિક્ષણને અંતે જૂથમાંથી સૌથી સારા બે કે ત્રણ પાડાઓને પછીની પેઢીના ધણખૂંટ પેદા કરવામાં ઉપયોગમાં લેવામાં આવે છે. આમ, ઉત્તરોઉત્તર પછીની પેઢીમાં ધણખૂંટ સારા આવતા જાય અને તેમાંથી બનાવેલ બીજદાનના ડોઝનો ઉપયોગ કરવાથી ઉત્તરોઉત્તર આવનારી પેઢીની ભેંસોમાં દૂધ ઉત્પાદનની ક્ષમતામાં વધારો થતો જાય છે. આ પધ્ધતિથી આપણી મહેસાણી ભેંસના પ્રથમ વેતરના દૂધ ઉત્પાદનમાં 400 લિટર જેટલો વધારો શક્ય બની શક્યો છે. અને ભવિષ્યમાં ધીરે ધીરે આમાં હજુ વધારો નોંધાતો રહેશે તેવું પશુ નિષ્ણાતો સ્પષ્ટ મંતવ્ય આપી રહ્યા છે.

પ્રોજેની ટેસ્ટીંગ યોજના એટલે કે ; મહેસાણી ભેંસ સંતતિ પરિક્ષણ યોજના (PT) અપનાવવાથી દૂધ ઉત્પાદકોને અનેક પ્રકારે લાભ થાય છે. જેમકે ; પ્રથમ વેતરમાં સરેરાશ દૂધ ઉત્પાદન 1500 લીટરથી વધીને 1923 લીટર થાય છે. પ્રથમ વિયાણની ઉંમર સરેરાશ 56.2 મહિનાથી ઘટીને 45.4 મહિના થાય છે. વળી, બે વિયાણ વચ્ચેનો સમયગાળો સરેરાશ 19.2 મહિનાથી ઘટીને 16.0 મહિના થાય છે. PT યોજનાને જો આપણા દૂધ સંઘના કાર્યક્ષેત્રમાંથી તમામ પશુપાલકોનો સહકાર અને મદદ મળી રહે તો આ યોજના 100% સફળતા મેળવી મબલખ દૂધ ઉત્પાદન થકી આપણા માટે સંજીવની બુટ્ટીનું કામ કરી શકે તેમ છે. પરંતું, દૂ:ખની વાત એ છે કે ; ઉપલબ્ધ આંકડાકીય માહિતી પ્રમાણે સારું દૂધ આપતી - આ યોજના થકી તૈયાર થયેલી 40 થી 45 ટકા ભેંસો દર 5 વર્ષે આપણા વિસ્તારની બહાર વેચાઈ જાય છે. અને સરેરાશ કરતાં ઓછું દૂધ આપતી ભેંસો આપણા વિસ્તારમાં રહી જાય છે. આમ, આપણી વર્ષોની મહેનતનો લાભ અન્ય વિસ્તારના લોકો લઈ જાય છે !! આજે, દૂધ સાગર પત્રિકાના માધ્યમથી મહેસાણા દૂધ સંઘ સાથે જોડાયેલા તમામ પશુપાલક સાથીદારોને એક પ્રાર્થના અને વિનંતી કરવી છે કે ; ટૂંકા ગાળાનો ફાયદો જોઈ વધુ દૂધ આપતા પશુઓનું વેચાણ ન કરી દેવું જોઈએ. મહેસાણા દૂધસાગર ડેરી નો વેટરનરી વિભાગ અને NDDB આ પી.ટી યોજનાને લઈ સતતના ધોરણે અખંડ પરિશ્રમ કરી રહ્યા છે. ત્યારે વર્ષોની મહેનત બાદ તૈયાર થયેલ ઉત્તમ પ્રકારની ભેંસો થોડાક પૈસાની લાલચમાં વેચી મારીએ એતો ના ચાલે !! ઓછા દૂધ વાળી ત્રણ ભેંસોના બદલે વધારે દૂધ આપનારી બે ભેંસો રાખવામાં ઓછી મહેનત અને વધુ આવક થાય છે એ સમજ કેળવવી પડશે.

# જૈનતીર્થ મહૂડી મુકામે સુવિધાયુક્ત નવા દૂધઘરનો શુભારંભ




મહેસાણા દૂધસાગર ડેરીમાં શ્રી. અશોકભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ નવું નિયામક મંડળ અસ્તિત્વમાં આવ્યા બાદ વિકાસની યાત્રા વણથંભી આગળ વધી રહી છે. ગુજરાત સરકારની સહાયથી સમયને અનુરૂપ દૂધના વ્યવસાયને આગળ લઈ જવા માટે જે ચારે તરફથી પ્રયત્ન થઈ રહ્યા છે તેમાં ગ્રામીણ ક્ષેત્રે પથરાયેલી દૂધ મંડળીઓના નવા મકાનો કે જેમાં આ વ્યવસાયને લઈ તમામ સુવિધાઓ ઉપલબ્ધ હોય તે પ્રકારના નવા દૂધ ઘરો આકાર લઈ રહ્યા છે. તાજેતરમાં, ૧૩ ફેબ્રુઆરી ના રોજ માણસા તાલુકાના વિશ્વ પ્રસિધ્ધ જૈન તીર્થ કે જ્યાં ઘંટાકર્ણ વીર મહારાજ નું પવિત્ર સ્થાનક આવેલું છે તે ગામની દૂધ મંડળીના નવા મકાનનો શુભારંભ દૂધસાગર ડેરીના ચેરમેનશ્રીના વરદ્ હસ્તે પશુપાલકોની ખુશહાલી વચ્ચે પરિપૂર્ણ થવા પામ્યો હતો. દૂધના ધંધામાં છેલ્લામાં છેલ્લા વૈજ્ઞાનિક સંશોધનોનો આપણે સ્વિકાર કરતા થઈએ તથા આ વ્યવસાયને પૂર્ણ સ્વરૂપમાં અપનાવી - સન્માનભેર સુખી થઈએ તેવી અપીલ સાથે શ્રી. અશોકભાઈ ચૌધરીએ દૂધસાગર ડેરી સતત પશુપાલકોની સાથે ઉભી છે એ આશ્વાસન સાથે નવીન દૂધ મંડળીના મકાનમાં સ્વચ્છતા અને સૂર્યઉર્જા (સોલર પેનલ) અપનાવીએ તેવી અપીલ કરી હતી. આ પ્રસંગે માણસાના પૂર્વ ધારાસભ્યશ્રી. અમીતભાઈ ચૌધરી, નિયામક મંડળના ડિરેક્ટરશ્રી. યોગેશભાઈ પટેલ, માણસા તાલુકા ભાજપના પ્રમુખશ્રી. લક્ષ્મણસિંહજી, પૂર્વ ડિરેક્ટર શ્રી. દૂરસિંહભાઈ સાથે વિસ્તારના આગેવાનો અને મોટી સંખ્યામાં પશુપાલકો અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# ફાયદાની વાત

વિશ્વના પશુ નિષ્ણાતો હવે એક સૂરે કહેતા થયા છે કે : પશુપાલકો જો પોતાના પશુઓને ખુલ્લા વાડામાં રાખે તો ઘણો બધો ફાયદો થઈ શકે તેમ છે. પોતાના પશુઓને ખુલ્લા વાડામાં રાખવાની અપીલ સાથે પશુ વૈજ્ઞાનિકો જણાવી રહ્યા છે કે ; હરતાં ફરતાં પશુઓ તણાવમુક્ત રહેવાથી વધુ સારું દૂધ આપે છે. આપણા પશુપાલકો પોતાના પશુઓને સુરક્ષિત રાખવા માટે અત્યાર સુધી લાખો રૂપિયાનો ખર્ચ કરી પાકા શેડવાળા તબેલા બનાવતા આવ્યા છે. હવે, તબેલા પણ આધુનિક બની ગયા છે. આવા તબેલાઓમાં પશુઓને પંખા અને પાણી મળી રહે તેની પણ વ્યવસ્થા હોય છે. ત્યારે અનેક સંશોધનોને અંતે વૈજ્ઞાનિકો એ મત ઉપર આવ્યા છે કે, પ્લાસ્ટરવાળા તબેલાઓમાં પશુઓને બાંધી રાખવાથી તેઓને આંચળને લગતી બિમારીઓ થાય છે. આવા શેડમાં પશુઓ તણાવમાં આવી જાય છે. પ્લાસ્ટરના તબેલામાં પશુઓને ખરની સમસ્યા વધી જાય છે. પાચનતંત્રની પણ સમસ્યાઓ પણ ઉભી થાય છે. પશુઓના પગમાં કીડા પડી જવાની તથા લંગડાવવાની સમસ્યા રહે છે. છાણ મૂતર પશુના પગમાં ચોંટી જવાથી ચામડીના રોગો થાય છે તેથી મુક્તપણે ફરતાં પશુઓ સામાન્ય બંધાયેલા પશુઓની સરખામણીમાં ભરપૂર દૂધ આપે છે.

**છે ને ફાયદાની વાત ?**



### દૂધસાગર ડેરી અને અમૂલ ફેડરેશન દ્વારા

# વડનગર તાલુકાના મઢાસણા ગામે ત્રિ-દીવસીય દીવા કાર્યક્રમ યોજાયો

મહેસાણા દૂધસાગર ડેરી તથા અમૂલ ફેડરેશન આણંદ દ્વારા વડનગર તાલુકાના મઢાસણા દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં સંકલિત વિકાસ આયોજન (દીવા પોગ્રામ) ગત તા. ૮ ફેબ્રુઆરી થી ૧૦ ફેબ્રુઆરી ના ત્રણ દિવસ મહિલા દૂધ ઉત્પાદક ો માટેની શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં પશુપાલકોને મહેસાણા દૂધસંઘ દ્વારા આપવામાં આવતી સેવાઓનો વ્યાપ નાનામાં નાના દૂધ ઉત્પાદક સુધી પહોંચે તેની જાણકારી સાથે દૂધ સંઘ દ્વારા દૂધાળાં પશુ લોનની યોજના અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમનો મૂળ હેતુ : દૂધ ઉત્પાદકોને પશુપાલન અને ડેરી ક્ષેત્રની વૈશ્વિક પરિસ્થિતી અંગે વાકેફ કરવા તથા દૂધ મંડળીના દૂધ સંપાદન અને ગુણવત્તા વધારવાની સાથે મંડળી કક્ષાએ આધુનિકરણ તથા માળખાકીય સુવિધાઓમાં વધારો કરવાની સાથે એક વ્યવસાયના રૂપમાં દૂધના ધંધાને પ્રોત્સાહન આપવાનું રહેલું છે. દૂધ ઉત્પાદકો વૈજ્ઞાનિક સંશોધનોથી વાકેફ કરી આદર્શ પશુપાલનને અપનાવી પોતાના વ્યક્તિગત જીવન સાથે મહેસાણા દૂધસાગર ડેરીની આર્થિક પરિસ્થિતી સંપન્ન બનાવે તે રહેલો છે. મઢાસણા દૂધ મંડળી ખાતે યોજવામાં આવેલ આ દિવા પોગ્રામનું આયોજન મહેસાણા દૂધસાગર ડેરીના સી.એસ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં અધિકારીશ્રી. તથા જવાબદાર સી.એસ. વિભાગના કર્મચારીઓએ હાજર રહી દૂધસાગર ડેરીની વર્તમાન સકારાત્મક ભૂમિકાની પશુપાલકોને જાણકારી આપી હતી. કાર્યક્રમના અંતિમ દીવસે મઢાસણા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રમુખ અને દૂધસાગર ડેરીના નિયામક મંડળના સભ્ય શ્રી. દશરથભાઈ જોષી ની હાજરીમાં પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.




## PHOTO OF THE MONTH

પ્રધાનમંત્રીશ્રી. નરેન્દ્રભાઈ મોદી સાહેબના સંસદીય ક્ષેત્ર વારાણસી(ઉત્તરપ્રદેશ)માં શ્વેતક્રાંતિની સ્થાપના થાય તે હેતુથી બે વર્ષ અગાઉ બનાસ ડેરી દ્વારા સ્થાપિત પ્લાન્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. તાજેતરમાં એ જ બનાસ ડેરી દ્વારા સ્થાપિત કાશી સંકુલના લોકાર્પણનો ભવ્યાતિ ભવ્ય સમારોહ મોદી સાહેબના વરદહસ્તે સંપન્ન કરવામાં આવ્યો ત્યારે બનાસ ડેરીના આમંત્રણને માન આપી ગુજરાતના અમૂલ ફેડરેશન સાથે સંકળાયેલા તમામ ૧૮ દૂધસંઘોના ચેરમેનશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. “દૂધ થકી દેશ નિર્માણ”ના પ્રધાનમંત્રીશ્રીએ આપેલા સૂત્રને સાર્થક સ્વરૂપ આપવા વિવિધ દૂધ સંઘોના ચેરમેનશ્રીઓ કાશીની પવિત્ર ભૂમિ ઉપર સંકલ્પબદ્ધ બન્યા હતા અને એક સામૂહિક તસવીર સાથે ગુજરાતની ખુશ્બુ ફેલાવી હતી.

# આમ જોઈએ તો અમારા માટે દિલ્હી બહુ દૂર છે

# દશ વર્ષોથી આ અ



પાટણ જિલ્લાના - ચાણસ્મા તાલુકાના ધીણોજ ગામના વતની નાના ખેડૂત અને નાના પશુપાલક એવા મંજૂલાબેન ઈશ્વરભાઈ ચૌધરી પોતાના પરિવાર સાથે ખુશહાલ જીંદગી વિતાવી રહ્યા હતા એવામાં અચાનક તેમને સ્તન કેન્સર હોવાનું માલૂમ પડ્યું. એક તબક્કે તો ધરતી ખસી ગઈ હોય તેવું લાગ્યું પણ આયુષ્યમાન ભારત કાર્ડ સ્વરૂપે મોદી સરકાર મંજૂલા બેનની મદદે પહોંચી. આશરે ચાર લાખ રૂપિયાનો ખર્ચ સરકારે ઉઠાવ્યો આજે મંજૂલાબેન સ્વસ્થ છે ખેતીવાડી અને પશુપાલન સંભાળે છે અને કહે છે : દિલ્હીથી પણ મારા ભાઈએ મારું ધ્યાન રાખ્યું !!




ઉત્તર ગુજરાતના ગોરાદ ગામના સિત્તેર વર્ષીય શાંન્તાબેન બાબરભાઈ રબારી વર્ષોથી ઘુંટણની બિમારીથી પીડાતા હતા. તેમના દિકરા જયરામભાઈ અને પતિ બાબરભાઈ રબારી તેમને ઘણા સમયથી આ ઘુંટણ ટ્રાન્સપ્લાન્ટનું ઓપરેશન કરવા સમજાવતા હતા. પરંતુ, આ ઓપરેશનમાં થતો લાખો રૂપિયાનો ખર્ચ પરિવાર માટે બોજારૂપ બને તેવું શાંન્તાબેન કદાપિ ઈચ્છતા નહોતા. આખરે ભારત સરકારની આયુષ્યમાન ભારત યોજનામાં આ સર્જરીનો સમાવેશ થાય છે તવું જાણ્યા બાદ શાંન્તાબેનને સુરત - અલથાણની પ્રાર્થના હોસ્પિટલમાં ઓપરેશન કરાવ્યું ત્યારે લગભગ પાંચ લાખ રૂપિયાનો ખર્ચ ભારત સરકારે ભોગવ્યો. આજે શાંન્તાબેન કહે છે : મોદીજી મહાન ભારતનો - મહાન પ્રધાન સેવક છે !!




ટૂંકી જમીન અને ઓછા પશુઓ ... કૂદરતનો ખોળો અને સંતોષનું જીવન !! આ છે ચંદ્રિકાબેન નૈલેષભાઈ ચૌધરીનું ભારતના ધરતીપૂત્રોનું પ્રતિનિધીત્વ કરતું જીવન !!

અમારી સાથે વાત કરતાં ચંદ્રિકાબેન જણાવે છે કે મોદી સરકારની કિસાન સન્માન નિધી યોજના વાસ્તવમાં ભારતના ખેડૂતોનું સન્માન કરતી યોજના છે. વર્ષમાં ત્રણ વખત બે હજાર લેખે વાર્ષિક છ હજાર આપી મોદી સાહેબ અમારા બિયારણોની ચિંતા કરે છે. બિયારણ મોદી સાહેબ આપે પછી તો ખેડૂત છીએ સાહેબ એકના અનેક કરી ધાનના ઢગલા આપી રહ્યા છીએ. ધન્યવાદ નરેન્દ્રભાઈ !!



# પણ મુસીબતમાં મોદીજી સતત અમારી સાથે છે

# હેસાસ અકબંધ છે





મારું નામ જગુજી ધીરુજી જાડેજા છે. હું કડી તાલુકાના ઈરાના ગામનો વતની છું. મારા પિતાશ્રીને ચાર પુત્રમાં હું સૌથી નાનો હોવાથી મને વારસાઈમાં કાચું મકાન મળેલ હતું. મારા પરિવારમાં પાંચ જણ જેમાં હું અને મારી પત્ની સહિત ત્રણ સંતાનો છીએ. હું ખેતમજૂર હોવાથી કાચું મકાન કે ખુલ્લો પ્લોટ ખરીદી શકું તેમ ન હતો. ત્યારે મોદી સાહેબ જાણે ભગવાન બની મારી મદદે આવ્યા. ગ્રામ સેવકની સહાયથી ૨૦૨૨-૨૩ માં મારું મકાન મંજૂર થયું જેમાં મારા ખાતામાં પ્રથમ ૩૦ હજાર જમા થયા અને મકાનની કામગીરી શરું થઈ. ત્યારબાદ ૮૦ હજાર અને ૧૦ હજાર મળ્યા. મનરેગા હેઠળ કામ કર્યું હોવાથી બીજા ૨૦ હજાર અને સ્વચ્છ ભારત અભિયાન હેઠળ શૌચાલયના ૧૨ હજાર અલગ મળ્યા. ઉજ્જવલ્લા યોજના હેઠળ વિજ કનેક્શન મળ્યું. આજે મારી જીંદગીમાં મોદીજીના કારણે ખુશીઓનું અજવાળું પથરાયું છે.




રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મીશન (DAY-NRLM) ની સ્વસહાય / સખીમંડળની બહેનો ને વિવિધ આજીવીકા લક્ષી કૌશલ્ય તાલીમ આપી તાજેતરના વાળીનાથ (તરભ)ના મહાદેવ પ્રાણ પ્રતિષ્ઠામાં કીરણબેન અભેસંગભાઈ ઠાકોર સહિત બીજી ૧૩ બહેનોએ પોતાના હસ્તકલા સેતુ દ્વારા જીલ્લા કક્ષાના મેળામાં ભાગ લીધો. સતત ૭ દિવસ સુધી ચાલનારા આ મેળામાં આવેલી લાખોની જનમેદનીએ આ બહેનોના કૌશલ્યને વખાણી તેમના દ્વારા બનાવવામાં આવેલી ચીજ વસ્તુઓની ખરીદી કરતાં કીરણબેન સહીત બધી બહેનોને સારી એવી આવક મળી હતી. આ મેળાનું ઉદ્‌ઘાટન મહેસાણાના સાંસદ શ્રી. શારદાબેન પટેલે કરાવ્યું હતું.



મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના હિરવાણી ગામના વતની વિશાલગીરી ભીખાગીરી ગૌસ્વામી પશુપાલન અને છૂટક ખેત મજૂરી કરે છે. ભારતની મોદી સરકાર દ્વારા તેમને મળેલ જીવનના તમામ લાભો વિશે જણાવતાં તેઓ દૂધસાગર પત્રિકાને કહી રહ્યા છે કે મને મોદી સાહેબની વિવિધ તમામ ગ્રામીણ યોજનાઓનો સંપૂર્ણ લાભ મળ્યો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ પાકું ઘર- ઘરમાં લાઈટ કનેક્શન - ઉજ્જવલા યોજના હેઠળ ગેસ કનેક્શન - કિસાન સન્માન નિધી યોજનાનો લાભ - પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અને આયુષ્યમાન ભારત યોજના હેઠળ આરોગ્યની સુરક્ષા !! આ બધું જ એક સાથે !! બોલો આટલી મોટા મનની સરકાર અને પ્રધાનમંત્રી કોણ હોઈ શકે ? આભાર મોદી સાહેબ !!

# ગુજરાત કો.ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (અમૂલ)ની સૂવર્ણ જ્યંતિએ



# મોદી મન મુકીને વરસ્યા

**અમૂલ એટલે : વિશ્વાસ અને વિકાસ, અમૂલ એટલે : જન ભાગીદારી અને સશક્તિ કરણ, અમૂલ એટલે : સમયની સાથે આધુનિકતાનો સમાવેશ, અમૂલ એટલે : મોટા સપનાં - મોટા સંકલ્પ - મોટી સિધ્ધીઓ अमूल जैसा कोई नहीं : પ્રધાનમંત્રી શ્રી. નરેન્દ્રભાઈ મોદી**

**ઢોર પછવાડે અવસર કાઢ્યા ...**
**ન જોયો દિન - રાત,**
**વાયદા સાચવ્યા : ત્રણ - તેર - ત્રેવીસ તારીખના પગારના ...**
**પોતાનાં ભાળે ના પાલી ય દૂધ,**
**દિધું એ તો ડેરીને સોનાને મૂલ ...**
**ટાઢ, તાપ, થાક, માફ ... વંડાની વાટ**
**કેટલાંય માંમેરાં ભર્યા ... તબેલાની છે હામ !**
**સવારના ચાર - ને - સાંજના ચાર,**
**દોહ્યાની ઝંઝટમાં ... નથી જોયા દિન - રાત !!**
**(દેવાંગ પટેલ)**

ભારતના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી. નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતીમાં આજે અમદાવાદ ખાતે વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડીયમ ખાતે GCMMF ને 50 વર્ષ પૂર્ણ થતાં સૂર્વણ જ્યંતીની ઉજવણી કરવામાં આવી. આ પચાસ વર્ષની સફળતા એટલે શું ? ગુજરાતના લાખો લાખો ડેરી કિસાન ભાઈઓએ પોતાના પરિવારજનોની દરકાર રાખ્યા વિના ઢોરને સાચવવામાં વિતાવેલો સંઘર્ષનો સમય એટલે આ 50 વર્ષ !! પાણીના વલખાં વચ્ચે લીલો રજકો ખવડાવવા ગુજરાતની તમામ પશુપાલક માતાઓએ પોતાના જીવ રેડી બચ્ચાઓની સેવા કરી હોય એમ વછેરીઓ, ગાયો, ભેંસો અને પાડાં ઉછેરવાની જહેમતના આ 50 વર્ષ !! આજની પેઢીને વર્ગ : ત્રણની નોકરીએ ચડાવવા મથતી માતાઓ પાછળ સંતાયેલી મહેનત એટલે આ 50 વર્ષ !! અમે વેઠ્યું એ અમારી પ્રજાને ના વેઠવું પડે તેવી તપસ્યા એટલે આ 50 વર્ષ !!


પ્રધાનમંત્રીશ્રી. નરેન્દ્રભાઈ મોદીએ અમૂલને પોતાની શુભકામનાઓ આપતાં જણાવ્યું કે : આજે અમૂલ વિશ્વના 50 દેશોમાં પોતાની પ્રોડક્ટ્સ વેચી રહ્યું છે. 18600 થી વધુ દૂધ મંડળીઓ અને 36000 થી વધુ પશુપાલકોનો પરિવાર સંગઠન અને સહકારની શક્તિને ઉજાગર કરી રહ્યો છે. રોજનું 3.50 કરોડ લીટર દૂધ સંપાદન કરવું અને એ દૂધનું આયોજન કરી વેળાસર એની પ્રોડક્ટ્સ બનાવવી એ નાનું કામ નથી. આજે અમૂલ રોજના 200 કરોડ રૂપિયાની ચૂકવણી ઓનલાઈન પેમેન્ટના માધ્યમથી કરે છે. એ અમૂલનું સમય સાથે કદમ મિલાવતું આધુનિક ભારતનું ગૌરવવંતુ ચિત્ર છે. આઝાદીના સમયથી જ ડેરી સહકારીતા ગુજરાતમાં ખૂબ વ્યાપક બનતી ગઈ છે. તેઓ શ્રી.એ જણાવ્યું કે : ગુજરાતના ગામડાંઓએ સાથે મળીને 50 વર્ષ પહેલાં અમૂલ નામનો જે છોડ વાવ્યો હતો તે આજે વિશાળ વટવૃક્ષ બની ગયું છે. અને એ વિશાળ વટવૃક્ષની શાખાઓ દેશ - વિદેશમાં ફેલાઈ ગઈ છે. અમૂલ ભારતના પશુપાલકોના સાર્મથ્યની ઓળખાણ બની ગઈ છે. અમૂલને સફળ કરવામાં જેટલો હાથ પશુપાલકોનો છે તેથી પણ વિશેષ યોગદાન ભારતના પશુધનનું છે. મોદી સાહેબે આ તબક્કે મૂંગા પશુઓને પણ પ્રણામ કરી ઉપસ્થિત લાખો પશુપાલકોના મન મોહી લીધા હતા. પોતાની વાત આગળ કરતાં પ્રધાનમંત્રી શ્રી.એ જણાવ્યું કે ; અમૂલ સાથે આજે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે 8 કરોડ લોકો જોડાયેલા છે. વિતેલા 10 વર્ષમાં ભારતમાં લગભગ લગભગ દૂધ ઉત્પાદનમાં 5% નો વધારો નોંધાવા પામ્યો છે. બીજી તરફ પ્રતિ વ્યક્તિ દૂધની જરૂરીયાતમાં પણ 40% નો વધારો જોવા મળી રહ્યો છે. આજે દુનિયાભરનું ડેરી સેક્ટર વર્ષે 2% ના દરે વિકાસ કરી રહ્યું છે. ત્યારે ભારતનું ડેરી સેક્ટર વાર્ષિક 6% ના દરે હરણફાળ ભરી રહ્યું છે તે મારા માટે અને તમામ ભારતીયો માટે ગૌરવની બાબત છે. ભારતમાં દૂધના ધંધાનું વાર્ષિક ટર્ન ઓવર આશરે 10 લાખ કરોડ રૂપિયા જેટલું માતબર રહેલું છે. ભારતના ધાન - ઘઉં અને શેરડીના તમામ ઉત્પાદનો ભેગા મળીને 10 લાખ કરોડ રૂપિયા નથી થતા એ હકીકત છે.

અમૂલની આ ભવ્ય અને દિવ્ય 50 વર્ષોની સફળતાનું શ્રેય ભારતની નારી શક્તિને આપતાં નરેન્દ્રભાઈએ જણાવ્યું કે ; પશુપાલન અને દૂધ ઉત્પાદનના આ વિશાળ ક્ષેત્રમાં ભારતની મહિલાઓ 70 % યોગદાન આપી રહી છે. ત્યારે, ભારતનું સ્ત્રી સશક્તિકરણનું ચિત્ર આ ધંધાને કારણે ઉજ્જવળ બની રહ્યું છે. અમૂલ એટલે સરકાર અને સહકાર ના તાલમેલનું બહેતરીન મોડલ બની વિશ્વ સમક્ષ ઉદાહરણ બની રહ્યું છે. આજે વિશ્વના અનેક દેશો અમૂલ મોડલને અપનાવી વિકાસની નવી કેડી કંડારવા આતૂર બન્યા છે. એ સફળતા ભારતની સાથે સાથે - ભારતની નારી શક્તિની છે.

મોદીજીએ પોતાના વક્તવ્યના અંતમાં : પોતાની ગેરંટી આપતાં જણાવ્યું કે ; સરકાર દૂધના વ્યવસાયને શક્તિ આપવા માગે છે. આપણું પશુધન વધુ સશક્ત અને દૂધ ઉત્પાદન આપતું થાય તે માટે સરકાર કિસાન પશુપાલકો અને અમૂલની પડખે ઉભી છે. આ મોદીની ગેરંટી છે. ઉલ્લેખનીય છે કે ; મહેસાણા દૂધસાગર ડેરી સાથે જોડાયેલા આશરે 20 હજાર પશુપાલક ભાઈઓ-બહેનોએ આ કાર્યક્રમમાં હાજરી આપી અમૂલના 50 વર્ષની ભવ્ય ઉજવણીમાં પોતાની સકારાત્મક ભાગીદારી નોંધાવી હતી.

# સ્વચ્છ દૂધ ઉત્પાદન એ પણ એક મોટી સમાજસેવા છે

## સક્ષમ પશુપાલક + તંદુરસ્ત સમાજ = દૂધસાગર



આમ તો - આખા મહેસાણા જિલ્લાની ઓળખ એટલે આપણી દૂધસાગર !! દૂધ થકી દૂધસાગરનું નામ ... આપણી ડેરીનું દૂધ વખણાય - આપણું સાગર ઘી વખણાય, આપણું માખણ - આપણું દહીં અને સાગરની તો છાસ પણ વખણાય !! મહેસાણા દૂધસાગર ડેરીની સામે આપણા કર્મચારીઓની આવેલી સહકારી મંડળી સહયોગ તો વિશ્વ આખામાં નામાંકિત : એના પેડા હોય કે કાલાજામ, મોહનથાળ હોય કે મગદળ ફરસાણ હોય કે આઈસક્રિમ બધી જ વસ્તુઓ ઉપર ગ્રાહકોને આંધળો ભરોસો. લોકો હોંશે હોંશે લઈ જાય અને હરખાઈ - હરખાઈને ખાય - એનું મૂળ કારણ આપણું દૂધ અને આપણી દૂધસાગરની વિશ્વસનીયતા !!

આ વિશ્વસનીયતા કંઈ આજકાલમાં નથી પેદા થઈ - વર્ષોની તપસ્યા અને વર્ષોનો ભરોસો ઈમાનદારીરૂપે આપણી રગ-રગમાં વ્યાપ્યો ત્યારે દૂધસાગરની આ વિશ્વસનીયતા વિશ્વ આખામાં ઉભી થઈ છે અને સાચું કહો તો ; આ વિશ્વસનીયતા જ દૂધસાગરની સાચી ઓળખ છે. એજ આપણી સાચી મિલ્કત છે. અને આ ઓળખ તથા મિલ્કત ઉભી કરનાર બીજું કોઈ નહીં - આપણને સવાર સાંજ લાખો લાખો લીટર દૂધ ભરાવતા પશુપાલકો છે.

આપણી આ ઓળખ આપણે બધાએ સાથે મળી બરકરાર રાખવાની છે. અને તે માટે આપણું દૂધ સો ટકા શુધ્ધ-અણીશુધ્ધ-પરિશુધ્ધ હોવું જરૂરી છે.

જુઓ : દૂધમાં જીવજંતુ, વાળ વગેરે નરી આંખે જોઈ શકાય તેવી અદ્રાવ્ય અશુધ્ધિઓ ધરાવતું દૂધ પ્રથમ દ્રષ્ટિએ જ ખોટું છે. આવા દૂધમાં સુક્ષ્મ જીવાણુંઓ વધારે હોય છે. જેથી તે જલ્દી ખાટું થઈ જાય છે. આનાથી દૂધ ઉત્પાદક - સહકારી મંડળી અને ડેરીને આર્થિક તથા આબરૂનું નુકસાન જાય છે. આવું દૂધ પીવાથી આપણા ગ્રાહકોના આરોગ્યને અનેક રોગો જેમ કે ; કેન્સર, ટાઈફોઈટ, કોલેરા, કમળો અને ઝાડા વગેરે થઈ જાય છે. અસ્વચ્છ અને હલકી ગુણવત્તાવાળા દૂધમાંથી સારી ગુણવત્તા વાળી દૂધ પેદાશો બનાવી શકાતી નથી. અસ્વચ્છ અને હલકી ગુણવત્તાવાળા દૂધથી ડેરી પ્લાન્ટને દૂધ અને દૂધ પેદાશોના કાયદાકીય ધારાધોરણો જાળવવામાં તથા નિકાલ કરવામાં મુશ્કેલી ઉભી થાય છે. અસ્વચ્છ અને હલકી ગુણવત્તાવાળા દૂધમાં ઝેરી રાસાયણિક તત્વોનું પ્રમાણ નરી આંખે જોઈ શકાતું નથી પરંતુ તે માનવ જીવન માટે જીવલેણ પરિસ્થિતીનું નિર્માણ કરે છે. દૂધમાં અમુક રાસાયણિક તત્વોની હાજરીથી આવું દૂધ અમુક દૂધ પેદાશો (દહીં, શ્રીખંડ, ચીઝ) બનાવવા માટે અયોગ્ય છે.

આપણા ડેરીનો કો-ઓપરેટીવ વિભાગ એક સ્વતંત્ર વિભાગ છે. જે દૂધ ગ્રાહકો - દૂધ મંડળી અને દૂધસંઘ વચ્ચે તાલમેલ તથા જાગૃતિ જળવાઈ રહે તે માટે કામ કરે છે. શુધ્ધ દૂધના ઉત્પાદન અંગે ગ્રાહકોમાં અને મંડળીઓ ઉપર શુધ્ધ દૂધના ઉત્પાદન માટે વિવિધ પોગ્રામો કરી આ વિભાગ સતત કાર્યશીલ હોય છે. સ્વચ્છતા અને ભેળસેળ વિહિન તાજું દૂધ દૂધસાગર ડેરીને આરોગ્યના તમામ ધારાધોરણો હેઠળ પ્રાપ્ત થાય અને એજ ધારાધોરણો હેઠળ એ દૂધના વિવિધ ઉત્પાદનો તૈયાર થાય તે માટે સતત ચોક્કસાઈ રાખવામાં આવે છે ત્યારે એક પશુપાલક તરીકે આપણે સ્વચ્છ અને સારી ગુણવત્તાવાળું દૂધ મંડળીમાં ભરાવીએ. મંડળી કક્ષાએ સ્વચ્છતા રાખી બને તેટલા જલ્દી સમયમાં માનવ સ્પર્શ રહીત દૂધ રહે અને યોગ્ય તાપમાનમાં સમયસર આપણે તેને મહેસાણા દૂધ સંઘ સુધી મોકલી આપીએ તથા દૂધ સંઘના કર્મચારીઓ સતેજ અને જાગૃત રહી આ દૂધના વિવિધ ઉત્પાદનો તેમની નજર સમક્ષ તૈયાર થાય તેવો તાલમેલ એજ દૂધસાગર ડેરીની સફળતા છે. આ સફળતા આપણને વર્ષોની ઈમાનદારી અને મહેનતથી પ્રાપ્ત થઈ છે એ સફળતા અને વિશ્વસનીયતાને અકબંધ રાખવી એજ આપણો દૂધસાગર ધર્મ !!

**પશુપાલક - ખેડૂત સાથીદારો : યાદ રાખજો - આવનાર સમય આપણો છે !!**

# દૂધ અને અનાજના દાણાં કોમ્પ્યુટરમાંથી કદી DOWNLOAD થવાના નથી

(તંત્રીલેખ : દૂધસાગર પત્રિકા)




અગાઉના જમાનામાં ખેતીને ઉત્તમ - વેપારને મધ્યમ અને નોકરીને કનિષ્ઠ માનવામાં આવતી હતી. કાળક્રમે, માનવ સભ્યતા જેમ જેમ આગળ વધતી ગઈ તેમ - તેમ મંત્રયુગ, તંત્રયુગ અને યંત્રયુગ આવતો ગયો ત્યારે ઉપરની માન્યતાઓ લગભગ ઉંધી થઈ ગઈ. આજે AI (આર્ટિફીશીયલ ઈન્ટેલીજન્સ) અને Chatgtp તથા ફેક અને ડિપફેકનો ભ્રમણાઓ છતાં સત્ય લાગે તેવો બિહામણો જમાનો આવી ગયો છે. મોટા મોટા ઉદ્યોગ ગૃહો અને હોલીવુડ જેવી ઈન્ડસ્ટ્રીયો અને તેમાં કામ કરતા માણસો ડરી ગયા છે. હવે હજારો માણસોનું કામ અત્યંત જીણવટ પૂર્વક સચોટ રીતે કોમ્પ્યુટર કરી બતાવશે ત્યારે તેનાથી સર્જાનારી ભયંકર બેકારી માનવ સર્જીત હોનારત બની વિશ્વ ઉપર ત્રાટકવાની તૈયારીમાં છે. ત્યારે, અમૂક અમૂક ક્ષેત્રો કે જ્યાં કુદરત સિવાય કોઈનું ચાલવાનું નથી તેમના સૂવર્ણ દીવસોની શરૂઆત પણ થવાની છે ! આજે જીન્સ અને ટી-શર્ટ ના જમાનામાં જેમ આપણાં તળપદી જૂના પહેરવેશો ફેશનમાં પરત આવી રહ્યા છે અને જૂના છુંદણાઓ - ટેટૂ બની ફેશન થઈ ગયા છે ત્યારે ખેતી અને પશુપાલન પણ મોટા મોટા ઉધોગપતિઓને આપણા દ્વારે નમાવશે એ વાતમાં કોઈ અતિશયોક્તિ નથી અને ટૂંક સમયમાં એ સમયની શરૂઆત આપણને બધાને જોવા મળવાની છે !

માણસે આજની તારીખે લગભગ લગભગ પ્રકૃતિના તમામ આયામો ઉપર જીત મેળવી લીધી છે. એ ગુરૂત્વાકર્ષણને જીતી વિમાન બની ઉડી રહ્યો છે અને રોકેટ બની બીજા ગ્રહોમાં ઘર બનાવવાના સપનાં જોઈ રહ્યો છે. એ સબમરીન બની માછલીની જેમ ઉંડા દરીયે તરી રહ્યો છે. એ અણુબોમ્બ બની વિશ્વની તમામ જીવસૃષ્ટિ નો એક સાથે વિનાશ કરી શકે તેવો તાકાતવાન બની ગયો છે. પણ કૂદરતની સુનામી - કૂદરતનો ધરતીકંપ અને કૂદરતનો એક માત્ર કોરોના આવે છે ત્યારે આ માણસ નામનું પ્રાણી પાછું પોતાની ચડ્ડીમાં આવી જાય છે.

પશુપાલક મિત્રો : આ કોઈ કલ્પના નથી. પરિવર્તન સંસારનો નિયમ હોય અને દરેક ઘાતના - પ્રત્યાઘાત પડતા હોય તો હવે, માણસનું શ્રેષ્ઠ સર્જન કોમ્પ્યુટર એના જ સર્જક સામે બદલો લેવા તૈયાર ઉભું છે. આ કોમ્પ્યુટર હવે વૈજ્ઞાનિક બનશે. આ કોમ્પ્યુટર હવે એન્જિનીયર બનશે પણ આ કોમ્પ્યુટર ખેડૂત કે પશુપાલક નહીં બની શકે !! કારણ કે ; દૂધ અને અનાજના દાણા કોમ્પ્યુટરમાંથી કદી ડાઉનલોડ થવાના નથી

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા